# નવસારી કૃષિ યુનિવર્સિટી,
# નવસારી

એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬ ૪૫૦

## –:: પરિપત્ર ::–

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ વડા/અધિકારીશ્રીઓ તથા યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓના તાબા હેઠળ ફરજ બજાવતા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સંવર્ગના અધિકારી/કર્મચારીઓના **અજમાયશી અહેવાલ, ખાનગી અહેવાલ અને કાર્યક્ષમતા મૂલ્યાંકન અહેવાલ** દરેક કચેરીએ નિયત સમયમર્યાદામાં મોકલી આપવાના હોય છે. પરંતુ ઘણી કચેરીઓ તરફથી આવા અહેવાલો મોકલવામાં દુર્લક્ષતા સેવાતી હોય છે, તેમજ આ પ્રકારની નિષ્કાળજીના કારણે ઘણા અધિકારી/કર્મચારીઓને **કેરીયર એડવાન્સમેન્ટ, પ્રોબેશન, બઢતી, ઉચ્ચત્તર પગાર** તેમજ **ફીકસ પગારમાં ફરજ બજાવતા કર્મચારીઓને નિયમિત** કરવાની કામગીરીમાં વિક્ષેપ/વિલંબ થાય છે, જેથી સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ થઈ શકતી નથી. જેથી યુનિવર્સિટીના તમામ વડા/યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને તાકિદ કરવામાં આવે છે કે દરેક **અધિકારી/કર્મચારીઓના** અજમાયશી અહેવાલ, ખાનગી અહેવાલ અને કાર્યક્ષમતા મૂલ્યાંકન અહેવાલ **સમયમર્યાદામાં** મુખ્ય કચેરી **"કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી"** ખાતે મોકલી આપવાના રહેશે. જે અંગેની સઘળી જવાબદારી જે તે કચેરીના વડા/યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓની રહેશે.

પ્રસ્તુત આદેશ, અત્રેની શાખાની નોંધ ફાઈલ ઉપર માન.કુલપતિશ્રીએ આપેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ઈ/ચા **કુલસચિવ**
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

જાન. નકૃયુ/ રજી/ ખાનગી શાખા/ ૫૧૪-૬૨૩/ ૨૦૧૫
તા.૧૩/૦૧/ ૨૦૧૫

**<u>નકલ સવિનય રવાના</u> :–**

અત્રેની યુનિવર્સિટીના તમામ વડા/અધિકારીશ્રીઓ, યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ.

**<u>નકલ રવાના</u> :–**

અત્રેની કચેરીના એડીએમ–૧/૨.૧/૨.૨/૨.૩/૨.૫ ટેબલ તરફ.